# 37

**માંડવી અને મુંદ્રા ગ્રામ પંચાયતની ગૌચર જમીન આઇડેન્ટિફાઇડ કરવા બાબત**

***15/4/1515** શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી): **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જીલ્લાના માંડવી અને મુંદ્રાની ગ્રામપંચાયતો હસ્તકની ગૌચર જમીન આઇડેન્ટિફાઇડ થયેલ છે કે કેમ, અને | (૧) ના |
| (૨) જો ના તો, ઉક્ત તાલુકાની તમામ પંચાયતોની ગૌચર જમીન આઈડેન્ટિફાઇડ કરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે? | (૨) જિલ્લા પંચાયત કચેરી, કચ્છ–ભુજ દ્વારા તા.૧૫/૦૭/૨૦૨૨, તા.૧૮/૧૨/૨૦૨૩, તા.૦૧/૦૧/૨૦૨૪, તા.૨૦/૦૧/૨૦૨૪ અને તા.૦૨/૦૨/૨૦૨૪ના પત્રોથી તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને ગૌચર જમીનની માપણી કરાવવા બાબતે લગત કચેરીને દરખાસ્ત મોકલી કાર્યવાહી હાથ ધરવા સુચના આપવામાં આવેલ છે.<br>તાલુકા વિકાસ અધિકારીશ્રી, મુંદ્રા–કચ્છ દ્વારા તા.૦૨/૦૨/૨૦૨૪ના પત્રથી મુંદ્રા તાલુકા પંચાયતના ૫૩ ગામોના ગૌચર જમીનની માપણી કરવા અંગેની દરખાસ્ત પ્રાંત અધિકારીશ્રી, મુંદ્રા–કચ્છ મારફતે ડી.આઇ.એલ.આર.કચેરી, ભુજ–કચ્છને મોકલાવેલ છે.<br>તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંડવી–કચ્છ દ્વારા તા.૦૬/૦૧/૨૦૨૪ના પત્રથી ડી.આઇ.એલ.આર.કચેરી, ભુજ–કચ્છને તાલુકામાં આવેલ ગામોની ગૌચર જમીનની માપણી કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. |